P. H. CIRCLE, BHU
In. No..........Dt.......
Initial..........
SE.. MAS 27.1.9..........
P.A..........
O.S..........

શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અંતર્ગત સ્થાનિક સંસ્થાઓની પાણી પુરવઠા અને ગટર યોજનાઓના કામ માટે સેન્ટેજ દર બાબત...

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક : યુડબલ્યુએસ/ ૧૫૦૫/ ૧૦૦૦/ ખ.૩,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૩૦/૦૮/૦૫

**વંચાણે લીધા :**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારના તા.૧૪/૧૨/૮૮ ના ઠરાવ ક્રમાંક : વીડબલ્યુએસ/ ૧૦૮૮/ ૫૧૩૫/ ન.

**પ્રસ્તાવના :–**

વર્ષ ૨૦૦૫ ને શહેરી વિકાસ વર્ષ તરીકે સરકારે જાહેર કરેલ છે. તેને ધ્યાનમાં રાખી રાજયની નગરપાલીકાઓમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા અંગે તા.૧૫/૬/૦૫ માન.મંત્રીશ્રી (પા.પુ.)ની અધ્યક્ષતામાં માન.મંત્રીશ્રી (શહેરી વિકાસ) સાથે બેઠક યોજવામાં આવેલ હતી. જેમાં જણાવવામાં આવેલ હતું કે શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫ અંતર્ગત ઘણી બધી નગરપાલીકાઓના વિસ્તારમાં પાણી પુરવઠા યોજનાને લગતી કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. વંચાણમાં લીધેલ ઠરાવ મુજબ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા પાણી પુરવઠા તથા ગટર યોજનાના નકશા, અંદાજો તૈયાર કરી તેની ચકાસણી કરી મંજુર કરવાના ચાર્જ યોજનાની અંદાજીત કિંમતને ધ્યાનમાં રાખી ૧.૦૦ ટકાથી ૨.૫ ટકા સુધી તથા યોજનાના નકશા, અંદાજોની ચકાસણી કરી મંજુર કરવાના દર ઉપરોકત દરના ૨૫ ટકા લેવાના હોય છે અને પાણી પુરવઠા/ ભુગર્ભ ગટર યોજનાના અમલીકરણ અંગેના સેન્ટેજ ચાર્જના દર ૧૭.૮૫ ટકા લેવામાં આવે છે. બેઠકમાં માન.મંત્રીશ્રી (શ.વિ.) દ્વારા શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અંતર્ગત પાણી પુરવઠા અને ગટર યોજનાઓની કામગીરી માટે ઈ.ટી.પી.ચાર્જીસ શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ પુરતો ન લેવામાં આવે તેવી રજુઆત અન્વયે માન.મંત્રીશ્રી (પા.પુ.) દ્વારા યોજનાની અંદાજીત કિંમતના ફકત ૫ ટકા વહીવટી ચાર્જ વસુલ લઈ કામગીરી કરવાની વિચારણા કરવા ખાત્રી આપેલ હતી. વધુમાં યોજનાની અંદાજીત કિંમતમાં મોટાભાગનો ખર્ચ માલસામાનનો હોવાથી, શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ અંતર્ગત શહેરી વિસ્તારની પાણી પુરવઠા અને ગટર યોજનાઓની કામગીરી માટે યોજનાની અંદાજીત કિંમતના ૫ ટકા ઈ.ટી.પી.ચાર્જીસ તથા શહેરી વિસ્તારની પાણી પુરવઠા અને ગટર યોજનાના નકશા તથા અંદાજોની તાંત્રીક ચકાસણી કરી તાંત્રિક મંજુરી આપવાના સેન્ટેજ દરની બાબત સરકારશ્રીના વિચારણામાં હતી.

Office of M. S.
G. W. S. & S. B.
In No. ......
Date ......

મહેશ સિંહ
(IFS)
સભ્ય સચિવ

# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

**જલસેવા ભવન,** સેકટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નં.- ૨૩૨૨૨૪૧૭૯ ૨૩૨૨૨૪૨૩, ૨૩૨૫૧૦૪૯ ફેક્ષઃ- ૨૩૨૨૫૯૭૨-૭૯
ઇ-મેઇલઃ- msgwssb@gmail.com, technicalcell@yahoo.co.in, setechcell@gmail.com

જા.નં./ટેકસેલ/પરિપત્ર /પાણી સમિતિ/૨૦૧૪/ ૧૧૩૪ તા. ૨૭/૬/૨૦૧૪

વિષયઃ- **રાજ્યની ગ્રામીણ પાણી પુરવઠા યોજનાના કામોનું અમલીકરણ પાણી સમિતિ મારફત ન કરાવવા બાબત.**

સંદર્ભઃ- બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંકઃટેકસેલ/ પરિપત્ર /પાણી સમિતિ/૨૦૦૭/૪૦૫૮, તા.૧૯/૧૨/૨૦૦૭.

## પરિપત્ર

ગ્રામ્ય પાણી પુરવઠા અને સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ ગામડાઓની અંદર પીવાના પાણીની યોજનાઓના કામો સરકારશ્રીના તા.૨૩/૩/૧૯૮૯ ના ઠરાવથી સ્થાનિક સંસ્થાઓ એટલે કે ગ્રામ પંચાયતોને સોંપવાનું ઠરાવવામાં આવેલ હતુ. ત્યાર પછી સંદર્ભના પરિપત્રથી ગ્રામીણ પાણી પુરવઠા યોજનાઓનું અમલીકરણ ગામની પાણી સમિતિઓ મારફત હાથ ધરવા માટે ઠરાવવાનું નકકી થયેલ હતુ.

ઉક્ત સંદર્ભ હેઠળનો પરિપત્રનો અમલ પ્રાથમિક તબકકે વોટર અને સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશનમાં કરવામાં આવ્યુ ત્યાં સુધી વ્યવસ્થિત ચાલતું હતુ. પરંતુ છેલ્લા ૭ વર્ષ જેવા સમયમાં એવી બાબતો ધ્યાન ઉપર આવેલ છે, જેમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની ૧૦૦ ટકા સહાયની યોજનાઓના કામો પણ પાણી સમિતિઓને સોંપવામાં આવેલ અને ખરેખર કામ પેટામાં અન્ય કોઇ વ્યક્તિ કે ઠેકેદાર દ્વારા હાથ ધરવામાં આવેલ, જેમાં કામની ગુણવત્તા બગડેલ છે. અને નાણાંકીય વ્યવહારોમાં ફાળવેલ ગ્રાન્ટમાં ગેરરીતી આચરી ઉક્ત પરિપત્રથી પાણી સમિતિઓને કામ સોંપવા માટે આપવામાં આવેલ સત્તાનો દુરુપયોગ થયેલું જણાયું છે. જેથી હવે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યક્ષેત્રની ગ્રામીણ પાણી પુરવઠા યોજનાના કામો પાણી સમિતિઓને સોંપવા બાબતના સંદર્ભ તળેના પરિપત્રનો અમલ કરવાનું રદ કરવામાં આવે છે.

ઉક્ત આદેશનો અમલ તાત્કાલિક અસરથી પાણી પુરવઠા બોર્ડની તમામ કચેરીઓએ કરવાનો રહેશે.

(મહેશ સિંહ)
સભ્ય સચિવ

૨૪૮